# જેને શાંતિ અને અહિંસાના પર્યાય તરીકે જોઈએ છે તે બૌદ્ધ ધર્મની કટ્ટર બાજુની શોધખોળ

આ પણા પાડોશી દેશ મ્યાનમારમાં એક સમયે '969 આંદોલન' ચાલી રહ્યું હતું. આ આંદોલનના બે મુખ્ય ઉદ્દેશ હતા. એક તે મ્યાનમારમાં વધતા મુસ્લિમ પ્રભાવને અટકાવવો અને બીજો તે બૌદ્ધ રાષ્ટ્રવાદ વ્યાપક રીતે પ્રસરાવવાનો. '969' આ ત્રણ આંકડા બૌદ્ધ ધર્મના સદગુણ, બૌદ્ધ ધર્મની પ્રથા અને સમૂહનું પ્રતિનિધિત્વ કરે છે. આ આંદોલનનું સ્વરૂપ એટલું હિંસક બન્યું હતું કે તેની નોંધ આંતરરાષ્ટ્રીય ટીવી ન્યૂઝ ચેનલો અને અખબારોએ લીધી હતી. '969 આંદોલન'નું પ્રતિનિધિત્વ વિરાથુ નામના બૌદ્ધ સાધુ કરી રહ્યા હતા. મ્યાનમારમાં હાલમાં મુસ્લિમો પર જે અત્યાચાર થાય છે તેમાં વિરાથુનું આ આંદોલન જવાબદાર છે. વિરાથુના હિંસક કૃત્યોના કારણે તેને 'ફેસ ઑફ બુદ્ધિસ્ટ ટેરર' તરીકે પણ ઓળખવામાં આવે છે. વિરાથુને 2003માં તેની પ્રવૃત્તિના કારણે જેલ પણ થઈ હતી, પરંતુ 2012માં તે છૂટી ગયો અને હવે તે રાજકીય રીતે એટલો બધો તાકાતવર બની ચૂક્યો છે કે મ્યાનમાર સરકારે તેને દેશના સર્વોચ્ચ સન્માનથી નવાજ્યો છે. મુસ્લિમો વિરુદ્ધ મ્યાનમારમાં જે કંઈ થયું તેવું હવે શ્રીલંકામાં પણ જોવા મળી રહ્યું છે. બૌદ્ધ ધર્મના અનુયાયી મુસ્લિમો પ્રત્યે ત્યાં પણ કટ્ટરવાદને ભડકાવી રહ્યા છે. આધુનિક એશિયામાં બૌદ્ધ ધર્મ કેવી રીતે આત્યાંતિક બન્યો છે તે અંગે 'ધ રૉબ એન્ડ ધ સ્વૉર્ડ' નામનું પુસ્તક હાલમાં પ્રકાશિત થયું છે. આ પુસ્તક લખનાર લેખિકા ભારતીય છે અને તેમનું નામ સોનિયા ફેલેરો છે. હાલમાં તેઓ લંડનમાં નિવાસ કરે છે અને તેમનાં નામે અનેક પુસ્તકો પણ છે. હાલમાં તેમણે લખેલું આ પુસ્તક ચર્ચામાં છે કારણ કે બૌદ્ધ ધર્મ જેને આપણે સૌ શાંતિ અને અહિંસાના એક પર્યાય તરીકે જોઈએ છે - તેની કટ્ટર બાજુ સોનિયા ફેલેરોએ દાખવી છે.



વિશ્વના તમામ ધર્મ માનવીમાં સૌહાર્દ, પ્રેમ અને કરૂણાનું સિંચન કરે છે. ધર્મનું કામ માણસમાં સારાં ગુણોના સરવાળા કરવાનું છે. પરંતુ ધર્મના નામે જે થાય છે તે સૌહાર્દ નહીં પણ ભેદભાવ છે, પ્રેમ નહીં પણ દ્વેષ છે, કરૂણા નહીં કત્લેઆમ છે. ધર્મને વિકૃત કરનારા તમામ ધર્મમાં છે. શ્રીલંકામાં બૌદ્ધ ધર્મનો આવો ચહેરો બનનારા ગાલગોડા ગ્યાનસારા નામના બૌદ્ધ સાધુ છે. 2014માં આ ગ્યાનસારાએ જેમનો ઉલ્લેખ ઉપર કર્યો છે તે મ્યાનમારના સાધુ વિરાથુને શ્રીલંકામાં આમંત્રણ આપ્યું હતું. વિરાથુનું શ્રીલંકામાં ભવ્ય સ્વાગત થયું અને મોટા પ્રમાણમાં તે સ્વાગત કરવામાં બૌદ્ધ સાધુઓ ભળ્યા હતા. આ બંને દેશના બૌદ્ધ સાધુઓનો ઉદ્દેશ એક હતો તેથી તેઓ એકજૂટ થયા. ઉદ્દેશ હતો કોઈ પણ રીતે મુસ્લિમ પ્રભાવને અટકાવવો. હવે જ્યારે વિરાથુ શ્રીલંકામાં આવ્યો હતો ત્યારે વિરાથુની છબિ વિશ્વભરમાં 'ધ ફેસ ઑફ બુદ્ધિસ્ટ ટેરર' તરીકે પ્રસરી ચૂકી હતી. પ્રતિષ્ઠિત 'ટાઈમ' મેગેઝિનના કવર પેજ પર પણ વિરાથુની તસવીર આવી ચૂકી હતી. જઘન્ય કૃત્યો કરીને જાણીતા બનેલા વિરાથુને જ્યારે શ્રીલંકામાં આમંત્રણ મળ્યું ત્યારે શ્રીલંકા સરકારે ન માત્ર વિઝા આપ્યા, બલકે તેમને સઘન સુરક્ષા પણ પૂર્ણ પાડી. એક મોટાં સ્ટેડિયમ પર વિરાથુએ સભા થઈ. સ્ટેડિયમમાં શ્રીલંકાના જુદા જુદા હિસ્સામાંથી બૌદ્ધ સાધુઓ અને આમજનતા તેમને સાંભળવા આવી હતી. અહીંયા વિરાથુએ એવી જાહેરાત કરી કે ગાલગોડા ગ્યાનસારા સાથે મળીને અમે વિશ્વભરમાં બૌદ્ધ ધર્મનું સંરક્ષણ કરીશું. તેણે ખુલ્લેઆમ આ સભામાં એટલે સુધી કહ્યું કે જે નાગરિકો સભ્ય નથી, તેમને સભ્યતા શીખવાડવાનું કામ બૌદ્ધ સાધુઓનું છે. બૌદ્ધ ધર્મનો આ ચહેરો શ્રીલંકા અને મ્યાનમારમાં વધુ જોવા મળ્યો છે તેથી લેખિકાએ પુસ્તકમાં આ બંને દેશોનો ઉલ્લેખ વધુ કર્યો છે. હવે મ્યાનમારમાં બૌદ્ધ ધર્મ પાળનારાની સંખ્યા જોઈએ તો તે 87.9 ટકા છે. તે પછીના ક્રમે ખ્રિસ્તીઓ છે. તેમની વસતી 6.69 ટકા છે અને ઈસ્લામ-ધર્મીઓ મ્યાનમારમાં 4.3 ટકા વસતી ધરાવે છે. તેમ છતાં મ્યાનમારમાં 'બૌદ્ધ ધર્મ ખતરામાં છે' તેના નારા લાગી રહ્યા છે. એ રીતે શ્રીલંકામાં બૌદ્ધ ધર્મ પાળનારાઓની સંખ્યા 70 ટકા છે. હિંદુઓની ટકાવારી 12.6 છે અને શ્રીલંકામાં મુસ્લિમોની સંખ્યા 10.7 ટકા છે.

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

બૌદ્ધ ધર્મનો પાયાના સિદ્ધાંતોમાં અહિંસા છે. ઉપરાંત જે શારીરિક પાપોથી દૂર રહેવાનું કહેવામાં આવ્યું છે તેમાં હિંસા પણ છે. અને જે 16 મલિન બાબતોથી દૂર રહેવાનું 'ધમ્મપદ'માં કહેવામાં આવ્યું છે તેમાં પણ હિંસાનો સમાવેશ થાય છે. આમ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો કે નિયમ બન્યા ત્યાં હિંસાને વર્જ્ય ગણવામાં આવી છે. પરંતુ આ બંને દેશોમાં બૌદ્ધ ધર્મના સાધુઓ હવે હિંસક કૃત્ય કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રિય સ્તરે આ વિષય ખૂબ ચર્ચાયો છે પરંતુ તે વિશે વિસ્તારથી પુસ્તક લખવા વિશે લેખિકાએ જે જવાબ આપ્યાં છે - તે પણ જાણવા જોઈએ. આ પુસ્તક લખવા અંગે સોનિયા ફેલેરો કહે છે કે, ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક રીતે બૌદ્ધ ધર્મનો આપણે હિસ્સો રહ્યા છીએ. બાળપણથી બૌદ્ધ ધર્મ પ્રત્યેની મારી સ્મૃતિઓ જોડાયેલી છે. બૌદ્ધ ધર્મ સ્થાનોની મુલાકાત લેવાની પણ. તે પછીથી હું લંડનની યુનિવર્સિટીમાં આવી ત્યારે તિબેટના બૌદ્ધ સાધુઓના આત્મવિલોપનની ઘટના શરૂ થઈ ચૂકી હતી. આ સમયગાળા દરમિયાન હિંદુ કટ્ટરવાદ પણ દેશભરમાં વ્યાપ્યો હતો. અને છેલ્લા

**વિરાથુના હિંસક કૃત્યોના કારણે તેને 'ફેસ ઑફ બુદ્ધિસ્ટ ટેરર' તરીકે પણ ઓળખવામાં આવે છે. વિરાથુને 2003માં તેની પ્રવૃત્તિના કારણે જેલ પણ થઇ હતી, પરંતુ 2012માં તે છૂટી ગયો અને હવે તે રાજકીય રીતે એટલો બધો તાકાતવર બની ચૂક્યો છે...**

એક દાયકાથી દક્ષિણપૂર્વીય એશિયાઈ દેશોમાં બૌદ્ધ સમાજમાં અંસુતલિત મને દેખાયું, જે કારણે મારું ધ્યાન તે તરફ ગયું.' બીજું કે આ પુસ્તક લખતી વેળાએ લેખિકા સોનિયા ફેલેરા દરેક દેશમાં જઈને મુલાકાત લીધી છે. બૌદ્ધ ધર્મ વિશે માહિતી એકઠી કરવામાં તેઓ ભારતમાં આવેલા બૌદ્ધ ધર્મનું સ્થાનક ધર્મશાળાની મુલાકાત પણ લીધી હતી. તે પછી તેઓ શ્રીલંકા ગયા, ત્યાર બાદ થાઈલેન્ડ અને આખરે મ્યાનમાર. આ ઉપરાંત તેમને આ પુસ્તક લખવાની પ્રેરણા એ માટે પણ થઈ કે બૌદ્ધ સાધુઓને કશુંય પૂછવું કે તેમના કોઈ કાર્યપદ્ધતિ પર પ્રશ્ન કરવો તે સામાન્ય લોકો માટે શક્ય નહોતું. પણ પત્રકાર તરીકે તે શક્ય બનતું હતું.

હિંસા અને પ્રતિબંધોની ઘટનાઓને બદલે, કાયદાકીય સુધારાઓ, જાહેર ધાર્મિક વિધિઓ, મીડિયા કેમ્પેઈન અને એડમિનિસ્ટ્રેટીવ નિર્ણયોએ કઈ રીતે ધીમે ધીમે કટ્ટરપંથી વલણને સામાન્ય બનાવ્યું તેની વિગતો પણ પુસ્તકમાં છે.•






# વિરોધ વિનાનો વિરોધ પક્ષ

આ પણે લોકશાહીવાળા દેશમાં છીએ એના ઘણા ફાયદા છે. જેમ કે, આપણે મહાત્મા ગાંધી સાથે સહમત થઈને સત્તાધારી પક્ષ ચલાવી પણ શકીએ અને એ જ મહાત્મા ગાંધી સાથે અસહમત થઈને વિરોધ પક્ષ પણ બનાવી શકીએ. આમ તો આ બંને વિચારધારાઓ એક જ મુખમાંથી નીકળે છે. જો કે પછી આગળ જઈને એ બંને અલગ અલગ થઈ જાય છે.

પણ ભારતીય લોકશાહીનું આ દુર્ભાગ્ય એ છે કે સત્તાધારી પાર્ટી એમના પોતાના જવાહરલાલ નેહરૂ તરત જ શોધી લે છે, પણ વિપક્ષવાળાઓ એમના જયપ્રકાશ નારાયણને ખોઈને બીજા જયપ્રકાશને શોધી શકતા નથી અને કોણ જાણે કેમ પણ સત્તાધારી પક્ષના નેતા, બળવાન બનતા જ વિપક્ષનો નેતા એટલો કમજોર થઈ જાય છે કે, એ એના પગ પણ ઊભો રહી શકતો નથી. એટલે કે આપણે હજી એક આદર્શ અને મજબૂત લોકશાહીની રાહ જોઈ રહ્યા છીએ જેમાં સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ એમ બંનેના નેતાઓ એક સરખા મજબૂત અને શક્તિશાળી હોય! કાશ.

હાલમાં વિરોધપક્ષના તંબૂઓની સૌથી મોટી સમસ્યા એ છે કે એમને લાકડાં નથી મળી રહ્યા જેના પર તેઓ તંબૂ ઊભા કરી શકે. દરેક લાકડામાં ઉધઈ લાગી ગઈ છે એટલે ડર છે કે ક્યાંક તંબૂ બાંધતી વખતે જ એ પડી ન જાય! બધાં સડેલાં લાકડાઓને એક સાથે ઊભા કરવામાં આવે તો તંબૂ ઊભો થયો એવો ભ્રમ તો પેદા થાય છે, પણ એવા તંબૂ પર લોકો ભરોસો ના કરે, જે તંબૂમાં એક લાકડું 'આયારામ' અને બીજું લાકડું 'ગયારામ'- જેવા પાટલીબદલુ હોય એના પર આમ પણ ભરોસો કરી શકાય નહીં અને કેટલાક તો એવા પણ છે જેઓ સત્તાધારી પક્ષ તરફથી ગાજર હલાવવામાં આવે કે લાળ ટપકાવતા એની તરફ મોં ફેરવી લે છે.

**શરદ જોશી સ્પીકિંગ**
**સંજય છેલ**



કેટલાક નેતાઓ બહુ લુચ્ચા અને નબળા છે જેઓ બીજે ક્યાંય જગ્યા ન મળે એટલે વિરોધ પક્ષની પંગતમાં આવીને ધરાર બેસી જાય છે.

આજકાલ પરિસ્થિતિ એવી છે બધાં જ વિરોધી પક્ષો, B.J.P.ની તરફ મીટ માંડીને બેઠા છે. જેવી B.J.P. કોઈ ભૂલ કરે કે તરત જ તેઓ નિવેદન આપવા તૈયાર તૈનાત બેઠા છે. આ B.J.P. વિરોધીઓને નિવેદન આપવાનું કોઈ કારણ નહીં મળે તો એ દિવસે એ લોકો શું કરશે? હવે ડર એ વાતનો લાગે છે કે ક્યાંક વિરોધ પક્ષ જ B.J.P.નું સમર્થન ન કરવા માંડે? એવામાં આ દુનિયાનો એકમાત્ર એવો

**હાલમાં વિરોધપક્ષના તંબુઓની સૌથી મોટી સમસ્યા એ છે કે એમને લાકડાં નથી મળી રહ્યાં જેના પર તેઓ તંબુ ઊભા કરી શકે. દરેક લાકડામાં ઉધઇ લાગી ગઇ છે એટલે ડર છે કે ક્યાંક તંબુ બાંધતી વખતે જ એ પડી ન જાય!**

વિરોધ પક્ષ હશે જે સરકારની સાથે હશે, પણ વિરોધ પક્ષ તરીકે નહીં, હોં!

સવાલ એ છે કે 'વિરોધ' આખરે શું હોય છે? એના મૂળમાં કોઈ એક નેતા હોય છે કે પછી બસ આ એક ખાલી ફિલોસોફી છે. જ્યારે વિરોધ પ્રદર્શન જ ન હોય તો વિરોધી પક્ષનો નેતા શું કરશે? અરે, આખે આખો વિરોધ પક્ષ જ કરશે શું?

હવે ફિલોસોફી માત્ર પદ અને ખુરશીની રહી ગઈ છે. જ્યારે 1950-60ના દાયકામાં મહાત્મા ગાંધી પક્ષ અને વિપક્ષના મૂળમાં હતા, ત્યારે સરકારમાં જવાહરલાલ નેહરૂ અને વિરોધ પક્ષમાં જયપ્રકાશ કે લોહિયા હતા, પણ હવે ચૂંટણીનો પડકાર છે, જીતવાના સંકલ્પો છે, ધ્યેય ફક્ત ખુરશી મેળવવાનો છે, તો પછી જેવો પક્ષ- એવો વિપક્ષ! બેઉની જ્યારે ખુરશી પર જ નજર હોય તો લોકો શું કરે? તંબૂને લાકડાં નથી મળી રહ્યા, પણ હકીકતમાં લાકડું છે શું? લાકડું એ કોઈ ફિલોસોફી છે, જેના પર વિપક્ષ ઊભો રહે છે અથવા કોઈ મોટો નેતા હોય- જેના પર વિપક્ષ એમની આશાઓ બાંધે છે. બાકી બરોબર વિરોધ જ ના થઇ શકે તો વિરોધ પક્ષ શું કામનો?

(મૂળ લેખ 1980ની આસપાસનો)•

# ભારત ઓલિમ્પિક્સની યજમાની તો ઈચ્છે છે, પરંતુ શું તે ખરેખર વૈશ્વિક આયોજન કરવા તૈયાર છે ખરું?

જા ન્યુઆરીમાં દિલ્હીની સ્થિતિ શું હોય છે એ વાત કોઈ મોટો ગણિતીક કોયડો નથી. રાજધાનીમાં શિયાળાનો સમય પસાર કરનાર દરેક વ્યક્તિ જાણે છે કે તેની સાથે શું આવે છેઃ સૂકું ગળું, ખંજવાળ આવતી ઉધરસ, સવારનું ધુમ્મસ, હવા જે જોઈએ તે કરતાં ભારે લાગે છે. આ પરિચિતતા જ ઈન્ડિયા ઓપનનો 2026નો ફ્લેશપોઈન્ટ હતો અને તે ફક્ત બેડમિન્ટન વિશે જ નહીં, પરંતુ ભારતીય રમત આયોજનમાં અજાણતામાં કેવી મોટી ભૂલ થઈ તે પણ જાહેર કરી દીધું. ખરેખર જાન્યુઆરીમાં કોઈ મોટી રમતના આયોજન માટે દિલ્હીની પસંદગી કરવામાં જ મોટી ભુલ થઇ અને તેના કારણે વિશ્વના જાણીતા બેડમિન્ટન ખેલાડીઓના મુખે ખામીઓ સામે આવી.

ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે 15 જાન્યુઆરી

**ખેલખેલમેં**

ગુરુવારના રોજ, એચએસ પ્રણોય સામે ત્રણ ગેમની જીત બાદ, સિંગાપોરના માજી વિશ્વ ચેમ્પિયન, લોહ કીન યૂએ મીડિયા સામે આવીને કહ્યું કે મુલાકાતી ખેલાડીઓ ઘણીવાર શું વિચારે છે પરંતુ હંમેશા સ્પષ્ટ રીતે કહેતા નથી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું પરિસ્થિતિઓ એક મુદ્દો છે, ત્યારે તેણે કોઈ વાંધો દર્શાવ્યો નહીં પણ તેણે મોઘમ શબ્દોમાં ઘણું કહી દીધુંય તેણે કહ્યું કે મને નવાઈ લાગે છે કે તમે લોકો ઠીક છો, તે પછી એક વાક્ય ઉમેરતા કહ્યું હું ઓછો શ્વાસ લઉં છું. ના, મારો મતલબ છે કે જ્યારે હું શક્ય હોય ત્યારે મારો માસ્ક પહેરું તે સિવાય, હું શક્ય તેટલું ઘરની અંદર રહેવાનો પ્રયાસ કરું છું. પરંતુ, હું ફક્ત એટલું જ કરી શકું છું. હું અહીં આવ્યો ત્યાં સુધી મલેશિયામાં સારું હતું. અહીં હવામાન એટલું સારું નથી. તમે સહનશક્તિ માટે તાલીમ આપી શકો છો, પુનઃપ્રાપ્તિનું સંચાલન કરી શકો છો અને આહારને સુધારી શકો છો, પરંતુ તમે તમારા ફેફસાંને જોખમી હવાને તટસ્થ ચલ તરીકે ગણવા માટે કન્ડિશન્ડ કરી શકતા નથી. તબીબી નિષ્ણાતો માટે, ચિંતા સીધી છે. મુંબઈના પીડી હિન્દુજા હોસ્પિટલ અને મેડિકલ રિસર્ચ સેન્ટરના કન્સલ્ટન્ટ પલ્મોનોલોજિસ્ટ અને એપિડેમિયોલોજિસ્ટ ડૉ. લેન્સલોટ પિન્ટો કહે છે કે આવી પરિસ્થિતિઓમાં રમતવીરોને ઉચ્ચ-તીવ્રતાવાળી રમતમાં ભાગ લેવાનું કહેવું મૂળભૂત રીતે અન્યાયી છે. ડૉ. પિન્ટોએ કહ્યું કે તીવ્ર રમતો માટે ઊંડા શ્વાસ લેવાની જરૂર પડે છે અને ઘણીવાર રમતવીરોને હાયપરવેન્ટિલેટ થવાનું કારણ બને છે.

લોહની આ ટિપ્પણી ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેને દિલ્હીમાં ભારે પ્રદૂષણ અને AQI પુરાવા શેર કરીને પાછી ખેંચી લીધાના થોડા દિવસો પછી આવી છે - એક એવો નિર્ણય જેના કારણે બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) તરફથી 5,000 ડોલરનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ પાછી ખેંચી લેવાનો નિર્ણય એક વખતનો ગુસ્સો નહોતો. આ નિર્ણય ડેનિશ ખેલાડી મિયા બ્લિચફેલ્ડ દ્વારા જાહેરમાં સ્થળની આસપાસની પરિસ્થિતિઓની ટીકા કરતા, હવાની ગુણવત્તા જેવી જ વાતચીતમાં સ્વચ્છતા અને સુવિધાના માપદંડને લાવવામાં આવ્યા પછી આવ્યો. તેના પછી ટુર્નામેન્ટે પોતાનું એક ભયાનક પ્રતીકવાદ રજૂ કર્યુંઃ પક્ષીના મળમૂત્ર કોર્ટ પર પડવાને કારણે રમત બંધ થઈ ગઈ ; સ્ટેન્ડમાં વાંદરો જોવા મળ્યો.



આ ક્ષણોએ પરિચિત સત્તાવાર પ્રતિક્રિયા બધું બરાબર છે. આ બધું એવા સ્થળે થયું જ્યાં ઓગસ્ટમાં વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપનું આયોજન થશે. BAIનો પ્રતિભાવ સમયસર આવ્યો. પરંતુ હોસ્ટિંગની ચિંતાઓ, ખાસ કરીને હવાની ગુણવત્તાની ચિંતાઓ સાથે ઊંડાણપૂર્વક જોડાવાને બદલે, તેમાં રક્ષણાત્મક સૂર હતો. BAIના મહાસચિવ સંજય મિશ્રાએ અઠવાડિયાની શરૂઆતમાં, એન્ટનસેન પર કડક ટીકા કરતા વિદેશમાં બેસીને ભારતની ટીકા કરનારાઓને ટેકો આપવા સામે ચેતવણી આપી હતી. નોંધનીય છે કે, જે ભારતીય ખેલાડીઓ જાહેરમાં બોલતા હતા તેઓ પરિસ્થિતિઓની ટીકા કરવાનું બંધ કરતા હતા, ઘણીવાર ચિંતાઓને ઓછી મહત્વ આપતા હતા અને ભારપૂર્વક કહેતા હતા કે તે તેમના માટે વ્યવસ્થિત છે. BWFએ પોતાના તરફથી સ્વચ્છતા, સ્વચ્છતા અને પ્રાણી નિયંત્રણ સંબંધિત મુદ્દાઓને સ્વીકાર્યા, જ્યારે સ્થળનો "અપગ્રેડ" તરીકે બચાવ કર્યો અને પુષ્ટિ આપી કે દિલ્હી વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે યજમાની અધિકારો જાળવી રાખશે. આ તે જગ્યા છે જ્યાં ઈન્ડિયા ઓપન બેડમિન્ટનની કથા બનવાનું બંધ થઈને યજમાની કથા બની જાય છે. ભારતની મહત્વાકાંક્ષાઓ નાની નથી. પીચ પરિચિત છેઃ એક વૈશ્વિક રમતગમત પાવરહાઉસ, 2036માં એક ગંભીર ઓલિમ્પિક્સ દાવેદાર, અમદાવાદને મુખ્ય શહેર તરીકે રજૂ કરવામાં આવ્યું. 2010ની એડિશન કૌભાંડનો પર્યાય બની ગયાના બે દાયકા પછી, દેશને 2030 કોમનવેલ્થ ગેમ્સ માટે સત્તાવાર રીતે યજમાન અધિકારો પણ આપવામાં આવ્યા છે. જો ઈન્ડિયા ઓપન એક અલગ દુર્ઘટના હોત, તો તેને દુર્ભાગ્ય કહી શકાય. પણ એવું નથી. છેલ્લા બે વર્ષોમાં, ભારતીય રમતગમતમાં શહેરો અને શાખાઓમાં નિષ્ફળતાઓનું સતત પ્રમાણ જોવા મળ્યું છે, જે સંયોગ તરફ નહીં, પરંતુ એક વહીવટી સંસ્કૃતિ તરફ ઈશારો કરે છે જે તૈયારી કરતાં પ્રતિષ્ઠાને પ્રાથમિકતા આપે છે. ગયા અઠવાડિયે જ, ગ્રેટર નોઈડામાં રાષ્ટ્રીય બોક્સિંગ ચેમ્પિયનશિપનો પ્રારંભિક દિવસ મોડો પડ્યો હતો કારણ કે રિંગ્સ સમયસર ગોઠવાયા ન હતા. થોડા દિવસો પછી, અનેક રાજ્યોની ટીમોને સમય પહેલા હોટલ ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું, જેના કારણે રાષ્ટ્રીય ફાઈનલની તૈયારી કરી રહેલા બોક્સરો 6 ડિગ્રી સેલ્સિયસ ઠંડીમાં કલાકો સુધી ફસાયા હતા. ડિસેમ્બર 2025માં, કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં લિયોનેલ મેસીનો ખૂબ જ ચર્ચિત દેખાવ માંડ 20 મિનિટ ચાલ્યો. જે ચાહકોને વધુનું વચન આપવામાં આવ્યું હતું તેઓ છેતરાયાનો અનુભવ કર્યો. બેઠકો ફાડી નાખવામાં આવી, વસ્તુઓ ફેંકવામાં આવી, પિચ પર હુમલો કરવામાં આવ્યો. મુખ્ય આયોજકની અટકાયત કરવામાં આવી. મુખ્યમંત્રીએ માફી માંગી. ત્યાં સુધીમાં, ભારત પહેલેથી જ વૈશ્વિક પંચલાઈન બની ગયું હતું. 2025 ના મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ દરમિયાન, ઈન્દોરમાં બે ઓસ્ટ્રેલિયન ક્રિકેટરોનો મોટરસાઈકલ પર એક વ્યક્તિ દ્વારા પીછો કરવામાં આવ્યો હતો અને તેમને અયોગ્ય રીતે સ્પર્શ કરવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને વચન આપવામાં આવેલા સુરક્ષા બબલમાં ખતરનાક અંતરને ઉજાગર કર્યું. 2017 માં, શ્રીલંકાના ખેલાડીઓએ દિલ્હીમાં શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ કરી; કેટલાકે માસ્ક પહેર્યા હતા, અન્યોએ ઉલટી કરી હોવાનું કહેવાય છે. આઠ વર્ષ પછી, બહુ ઓછો ફેરફાર થયો હતો. નવેમ્બર 2025 માં, લખનૌમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ચોથી T20I મેચ ગાઢ ધુમ્મસ અને ખતરનાક હવાની ગુણવત્તાને કારણે ટોસ વિના રદ કરવામાં આવી હતી.

**એક તરફ ભારતે અમદાવાદમાં 2030ના કોમનવેલ્થ ગેમ્સની યજમાનીના અધિકાર મેળવી લીધા છે અને ભારત હવે ઓલિમ્પિક્સની યજમાની માટે લોબિંગ કરી રહ્યું છે ત્યારે દિલ્હીમાં યોજાયેલી ઈન્ડિયા ઓપને પ્રદૂષિત હવા કરતાં ભારતના આયોજન, સંચાલન અને યજમાનીની ખામીઓને સ્વીકારવામાં વારંવાર થતી નિષ્ફળતાઓને વધુ ખુલ્લી પાડી. દેશને તેની ઓલિમ્પિક્સ મહત્વાકાંક્ષાઓને ગંભીરતાથી લેતા પહેલા સામનો કરવો પડે તેવી નિષ્ફળતાઓ ઇન્ડિયા ઓપને જાહેર કરી**

તો, શું ભારત તૈયાર નથી એવા સવાલનો પ્રામાણિક જવાબ સંકુચિત અને વધુ ચિંતાજનક છેઃ ભારત થોડા થોડા સમયે તૈયાર છે, અને થોડા થોડા સમયે સિસ્ટમમાં તૈયાર નથી. મલ્ટિ સ્પોર્ટસ મેગા પ્રોગ્રામ સંસ્થાકીય પરિપક્વતાની માંગ કરે છે. કરારો પૂરા થાય, થાપણો પરત કરવામાં આવે, સુવિધાઓ જાળવવામાં આવે, સુરક્ષા લાગુ કરવામાં આવે, પર્યાવરણીય વાસ્તવિકતા પ્રત્યે પ્રતિભાવશીલ સમયપત્રક બનાવવામાં આવે, અને ટીકાને અપમાનને બદલે પ્રતિસાદ તરીકે ગણવામાં આવે. એટલા માટે ઈન્ડિયા ઓપનને ઓછું મહત્વ આપવું મહત્વપૂર્ણ છે. એટલા માટે નહીં કે સંચાલકોએ રોષ વ્યક્ત કરવો જોઈએ, પરંતુ એટલા માટે કે ઓલિમ્પિક્સનું આયોજન કરવા ઈચ્છુક રાષ્ટ્ર રમતવીરોના કલ્યાણને જાહેર સંબંધોની અસુવિધા તરીકે ન ગણી શકે.•